# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

આકારણી શાખા

હાલની વૈશ્વીક મહામારી કોરોના **COVID 19** ની પરિસ્થિતિમાં સંપુર્ણ લોકડાઉન કરવામાં આવેલ જે મુજબ વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પણ તેનો અમલ હતો જે પરિસ્થીતી જોતાં નીચે જણાવ્યા મુજબ વ્યવસાય વેરા ભરપાઇ કરવાની છેલ્લી તારીખ, મિલકત ખાલી હોવાનીજાણ અને અગાઉના વર્ષમાં ખાલી મિલકતોના રીફંડ માટેની અરજીઓ, ડીફેન્સના કર્મચારીઓની મિલ્કતોમાં વેરા માફી અંગેની અરજીઓ માટેની મુદત લંબાવવામાં આવેલ છે.

(૧) વ્યવસાય વેરા અંતર્ગત કર્મચારીઓના વ્યવસાય વેરો **ERC** જેઓ ત્રીમાસીક અને વાર્ષિક વ્યવસાય વેરાની રકમ ભરપાઇ કરતાં હોય તેઓ વ્યવસાય વેરો **ERC** ની રકમ વ્યાજ/દંડ સિવાય તા.૧૫/૦૬/૨૦૨૦ સુધી ભરપાઇ કરી શકશે.

(૨) વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી ડીફેન્સના કર્મચારીઓ ની મિલકતોના વેરા માફી મેળવવા અંગેની અરજીઓ તારીખ ૩૦/૦૬ /૨૦૨૦ સુધી કરી શકશે.

(૩) વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી મિલકતો પૈકી જે મિલકતો ખાલી છે તેવી મિલકતોના માલીકો દ્વારા મિલકત ખાલી હોવા બાબતની જાણ કરતી અરજીઓ તેમજ અગાઉના વર્ષમાં જે મિલકતો ખાલી હતી અને તેની નોંધ રાખવામાં આવેલ હોય તેવી મિલકતોના વેરા રીફંડ મેળવવા અંગેની અરજીઓ તારીખ તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી કરી શકશે.

ઉપરોક્ત બાબતો અંગેની તમામ લેખીત અરજીઓ કચેરીના કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન સંબધિત વહીવટી વોર્ડની કચેરીમાં ઉપર જણાવેલ મુદતમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.

પી.આર.ઓ. નં./૧૦૫/૨૦૨૦-૨૧. મ્યુનિસિપલ કમિશનર